મહિલા તલાટીના ઘરે એસીબીનું સર્ચ ઓપરેશન

બિનહિસાબી રૂપિયા કે અન્ય સ્થાવર મિલ્કત મળી આવ્યા નથી : એસીબી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામની તલાટી કમ મંત્રી ઝંખનાબેન રાઠોડને ગઈ કાલે ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને રૂ. ૧૭ હજારની લાંચ લેતા રંગે હાથ પકડી પાડી હતી. મહિલા તલાટીના ઘરે એસીબીની ટીમે આજે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું પરંતુ બિનહિસાબી કોઈ મોટી રકમ કે સ્થાવર મિલ્કત મળી આવી ન હોવાનું એસીબીનાં અધિકારીએ જણાવ્યું છે.

વડોદરા ગામમાં ગૌ શાળા બનાવવા માટે ખરીદવામાં આવેલી ૩૪૪૦ સ્કે. મીટર જમીનને એન.એ. કરવાના કેશમાં વડોદરા તલાટી કમ મંત્રી ઝંખનાબેન રાઠોડે સ્કે. મીટર દીઠ રૂ. ૫ એમ કુલ રૂ. ૧૭,૨૦૦ની લાંચની માંગણી કરી હતી. જે અંગે ગાંધીનગર એસીબીને ફરીયાદ મળતા પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયન તથા તેમની ટીમે ટ્રેપ ગોઠવીને મહિલા તલાટીને રૂ. ૧૭ હજારની લાંચ લેતા રંગે હાથ પકડી પાડી હતી. આજે એસીબીની ટીમે મહિલા તલાટીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. મહિલા તલાટી તેણીના પિતા સાથે રહે છે તે ઘરેથી રૂ. ૯૦ હજાર રોકડ મળી આવ્યા હતા. જો કે તે બિનહિસાબી ન હોવાનું ધ્યાને આવ્યું છે. મહિલા તલાટીના ઘરેથી સર્ચ ઓપરેશન દરમિયાન કોઈ મોટી માલમત્તા મળી આવી ન હોવાનું ગાંધીનગર એસીબીના અધિકારીએ જણાવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત ગાંધીનગરની આર.સી. પટેલ હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગની છ બસો રાજસ્થાનના જેસલમેર, જોધપુર, રણુજા અને પોખરણના પ્રવાસે ગઈ હતી તથા સેકન્ડરી વિભાગની ૨ બસ સૌરાષ્ટ્રના જૂનાગઢ, દીવ તથા સોમનાથના પ્રવાસે ગઈ હતી. રણમાં તંબુમાં નિવાસ કરી કડકડતી ઠંડીમાં મોજમસ્તી કરતા શાળાના ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ શાળાના શિક્ષકો સાથે યાદગાર સંભારણારૂપ પ્રવાસ ખેડયો હતો. વિદ્યાર્થીઓએ તંબુમાં નિવાસ કરી રાજસ્થાની કાર્યક્રમનો લાભ લીધો હતો. આ ઉપરાંત ગરવા ગિરનારનું ચઢાણ કર્યું તો દીવના દરિયામાં મસ્તી કરી પ્રવાસને સાર્થક કર્યો હતો.

'માય કાર ઈઝ ગ્રીન કાર' પ્રોજેક્ટ અંતર્ગત કારબીનનું વિતરણ

ગાંધીનગર, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'સ્વચ્છ ભારત અભિયાન' ને ગાંધીનગરમાં સાર્થક કરતું અભિયાન 'માય કાર ઈઝ ગ્રીન કાર' પ્રોજેક્ટ અંતર્ગત 'કાર બીન' (કાર ડસ્ટબીન) વિતરણ જય જલારામ મોટર્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે સેકટર-૧ ખાતે આવેલ 'જય જલારામ મોટર્સ' ના સંજયભાઈ સંઘાણી દ્વારા 'માય કાર ઈઝ ગ્રીન કાર' અંતર્ગત 'કાર બીન' નું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે આશીષભાઈ દવે (ચેરમેન, ગુડા), આમંત્રિત મહેમાનો તરીકે જીતુભાઈ સેજાણી (પ્રમુખ જલારામ સેવા સમાજ) સેવંતીભાઈ ઠક્કર (મંત્રી, જલારામ સેવા સમાજ), મુકેશભાઈ જાની (મહામંત્રી શહેર ભાજપ) નરેશભાઈ પરમાર (મંત્રી શહેર ભાજપ), ભરતભાઈ ઠક્કર (મહામંત્રી ભાજપ યુવા મોરચો) જીગ્નેસ મજીઠીયા (મંત્રી લોહાણા યુવા સંગઠન) તથા અન્ય મિત્રો અને વેપારી વર્ગ ઉપસ્થિત રહી 'કાર-બીન' વિતરણમાં સહભાગી થયેલ હતા. આ યોજના અંર્તગત ટોટલ-૫૧ 'કાર-બીન'નું વિતરણ કરાયેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન લોકોને ગંદકી ન ફેલાવવા તથા જયાં ત્યાં કચરો ન ફેંકતા ડસ્ટબીનનો ઉપયોગ કરી સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી હતી.

સ્કૂલ ઓફ એચિવર - કુડાસણમાં પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજાયો

ગાંધીનગર, તા.૨૮

'પાર્ટનરશીપ વીથ પેરેન્ટ્સ' ના ભાગરૂપે સ્કૂલ ઓફ અચિવર પ્રતિવર્ષ પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજે છે.

આ વર્ષે પણ તા.૨૬ જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી બાદ પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે યોજાયો હતો. શાળાના સેન્ટ્રલ કોર્ટ યાર્ડમાં ખૂબ આનંદભર્યા વાતાવરણમાં પદ્ધતિસર અને સફળતાપૂર્વક યોજાયેલા આ સ્પોર્ટ્સ ડેમાં ૧૦૦૦ કરતાં પણ વધુ માતા-પિતાએ વ્યક્તિગત રીતે તથા સાથે રહીને મોટી સંખ્યામાં જોડાઈને પોતાની પસંદગીની રમતોમાં પોતાનું શ્રેષ્ઠ પર્ફોમન્સ રજૂ કર્યું હતું.

પેરેન્ટ્સને વિવિધ ગ્રુપની મનોરંજક રમતોમાં રમતાં જોવાનો શાળાનાં બાળકોને અનેરો આનંદ મળે, સંસ્થાના વિશિષ્ટ કાર્યક્રમોમાં પેરેન્ટ્સ પારિવારિક ભાવનાથી જોડાય અને આત્મીયતા વધે, યુવા પેરેન્ટ્સની શાળા/કોલેજ સમયની વિવિધ રમતોની સ્મૃતિ તાજી અને ઉજાગર થાય, પેરેન્ટ્સ દ્વારા પોતાના પાલ્યને પ્રેમ, પ્રેરણા અને પ્રોત્સાહનનું પ્રેરક ભાથું મળી રહે તે હેતુથી યોજાયેલા પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે માં બાળકોના વાલીઓએ વિવિધ ગ્રુપની રમતોમાં જોડાઈને, ખેલદિલીથી રમીને, શાળાના આયોજનને ભારે ગૌરવ સાથે સફળતા અપાવી હતી, જેમાં વિવિધ મનોરંજક રમતોમાં સૌ જોડાયા હતા. રમતો હતી... લેડીઝ ગેમ્સ કોમ્પિટીશન (૧) બૂક બેલેન્સીંગ (૨) લેમન સ્પૂન, (૩) ઓબ્જેક્ટ રેસ, જેન્ટ્સ ગેમ્સ કોમ્પિટિશન (૧) ઑબ્જેક્ટ રેસ (૨) હૂપ રેસ, કપલ્સ ગેમ્સ કોમ્પિટિશન (૧) બલૂન રેસ (૨) થ્રી લેગ્ડ રેસ (૩) બાસ્કેટ ધ બોલ, જનરલ ગેમ્સ કોમ્પિટિશીન (૧) સૅક રેસ, ફેમિલી ગેમ્સ કોમ્પિટિશન (૧) રીલે રેસ (૨) ફિલ ધ બકેટ. પેરેન્ટ્સ સ્પોર્ટ્સ ડે માં મોટી સંખ્યામાં વાલીઓએ ઉત્સાહથી અને જુસ્સાથી ભાગ લીધો હતો. પેરેન્ટ્સને રમતાં, દોડતાં અને ગેઈમ્સમાં જોડાતાં જોઈ બાળકોને ખૂબ મજા પડી હતી.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ અને ભાગીદારી સાથે સ્કૂલની કોર ટીમના સભ્ય સુશ્રી ઝીલ પટેલે સમગ્ર સેશનનું સુચારુ સંચાલન કર્યું હતું, જેમાં શાળાના સમગ્ર પરિવારે સહયોગ આપ્યો હતો. સુશ્રી પલ્લવી મહેતાએ સફળતાપૂર્વક એન્કરીંગ કર્યું હતું.

શાળાના તમામ વિષય શિક્ષકો, પ્રવૃત્તિ શિક્ષકો અને વ્યાયામ શિક્ષકોએ ખડેપગે રહીને સ્પોર્ટ્સ ડેના આયોજનને સફળ બનાવ્યું છે. શાળા પરિવાર તરફથી વિજેતા વાલીઓને મેડલ દ્વારા પ્રોત્સાહિત કરાયા હતા, તો ભાગ લેનાર તમામ વાલીમિત્રોનો આભાર વ્યક્ત કરી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

કોબા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાના કોબા ખાતે પ્રાથમિક શાળામાં દિકરી હેલી યોગેશકુમાર પારેખના હસ્તે ૬૭મા પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગામની વધુ ભણેલ દિકરીઓને સન્માનવામાં આવી હતી.

આ પ્રસંગે કોબા ગામના સરપંચ યોગેશ નાયી દ્વારા બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન તથા વ્યસનમુકિત સંદર્ભે પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોબા ગામની પૂજાબેન પટેલ, હેલી પારેખ, રિધ્ધિ પટેલ, સીમા ગુર્જર, બિનલ પટેલ, વંદના પટેલ, અર્પિતા પ્રજાપતિ, બિજલ પ્રજાપતિ, નિશા મનસુરી તથા હંસાબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. 'દિકરીની સલામ, દેશને નામ' કાર્યક્રમ હેઠળ સરપંચ યોગેશ નાયી દ્વારા તમામ દિકરીઓને રૂ. ૨૦૦ સહિત કુલ રૂ. ૨૦૦૦નું પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

કોલેજ બહાર બિનવારસી પડેલા બાઈકમાંથી બિયરની બોટલો મળી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક સ્થિત ચિલોડા પાસે આવેલી ફાર્મસી કોલેજની બહાર એક બિનવારસી બાઈક પડયું હોવાની માહિતીને આધારે પેટ્રોલીંગમાં ફરતી ચિલોડા પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. બાઈકમાં તપાસ કરતાં એક થેલો લટકાવેલો હતો જેમાંથી ૯ નંગ બિયરની બોટલો મળી આવી હતી. ચિલોડા પોલીસે બાઈક અને બિયરની બોટલો જપ્ત કરીને બાઈકના માલિક સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

ચિલોડા પોલીસ મથકના જમાદાર મહેન્દ્રસિંહ તથા ટીમ ગઈ મોડી સાંજે પેટ્રોલીગમાં હતા ત્યારે તે દરમિયાન સાડા નવ વાગ્યાના અરસામાં તેમને માહિતી મળી હતી કે હોટલ અંજલી નજીક સ્થિત ફાર્મસી કોલેજ બહારના વિસ્તારમાં એક બિનવારસી પ્લેટીના બાઈક નં. જીજે ૨ સીસી ૩૧૯૪ પડયું છે. જેમાં થેલો લટકાવેલો છે. પોલીસે ત્યાં જઈને થેલો તપાસતા થેલામાંથી બિયરની ૯ નંગ બોટલો મળી આવી હતી. બાઈક કોનું છે? અને બિયર ભરેલા થેલા સાથે બિનવારસી કેમ પડયું હતું? તે સહિતની તપાસ ચિલોડા પોલીસે શરૂ કરી છે. બાઈકના નંબરને આધારે તેના માલિક સુધી અને ત્યાર બાદ ઘટનાના મુળ સુધી પહોંચવા ચિલોડા પોલીસે તજવીજ શરુ કરી છે.

સ્વામીનારાયણ ધામમાં દિલધડક યોગનૃત્ય

વિદ્યાર્થીઓએ કારજમ્પ સહિતના જીમ્નાસ્ટિકના કરતબ પણ રજૂ કર્યા : ગણતંત્ર દિવસની સાથે શાળાનો રમતોત્સવ પણ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના કોબા રોડ પરની સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ૬૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તેમાં યોગ અને જીમનાસ્ટિકના દિલધડક કરતબો રજૂ કરી વિદ્યાર્થીઓએ ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે આર્મીના ગુરખા રેજીમેન્ટના ડ્રીલ ઈન્સ્ટ્રકટર ભજનરામ ગુરંગ તથા દિનેશકુમાર ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠકકર, આચાર્ય નિર્મલ પટેલ સહિત આમંત્રિત મહેમાનોના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષિકા બરખા ગંગવાણી જેઓ અગાઉ નવી દિલ્હી ખાતે ગણતંત્ર દિવસની પરેડમાં સામેલ થઈ ચૂકયા છે તેમની આગેવાની હેઠળ બેન્ડ સાથે ત્રણ યુનિટોની માર્ચપાસ્ટ યોજાઈ હતી. ધ્વજવંદન બાદ દેશભકિત આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ કરાયો હતો. દેશ ભકિત આધારિત ફીલ્મી ગીતો પર શાળાના નાના ભૂલકાંઓએ જુસ્સાભેર નૃત્યો પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમમાં નાના ભૂલકાંઓથી માંડીને મોટા વિદ્યાર્થીઓ સહિત યોગ નૃત્યો રજૂ કરતા વિદ્યાર્થીઓના કરતબ અને ક્ષમતા જોઈ પ્રેક્ષકો આફરિન પોકારી ગયા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પ્રસ્તુત કરેલ જીમનાસ્ટિકના દિલધડક પ્રયોગો જેવા કે કાર જમ્પ, મલ્ખમ તથા અન્ય જાંબાજ કરતબોએ તમામના દિલ જીતી લીધા હતા. આ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક નૃત્યો અને વકતૃત્વ દ્વારા વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમને રંગારંગ બનાવી દીધો હતો.

ગણતંત્ર દિનની ઉજવણીના કાર્યક્રમના અંતે શાળાના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટેનો રમતોત્સવનો પ્રારંભ કરાયો હતો. આ રમતોત્સવમાં શાળાના લગભગ તમામ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૫મી જાન્યુઆરીએ સ્વામીનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો રમતોત્સવ ઉજવાયો હતો. રમતોત્સવ ઉપરાંત ગણતંત્ર દિનની ઉજવણીના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે શાળાના સ્પોર્ટસ કોચ હરજેન્દ્રસિંઘ તથા અન્ય કર્મચારીગણ દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ હતી. રમતોત્સવના અંતે વિજેતા ખેલાડીઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધામાં લીંબોદરાની વિદ્યાર્થીઓ ઝળકી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડ માર્ક સ્કુલમાં

તાજેતરમાં ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં અન્ડર-૧૩ વિભાગમાં કિના મહેશભાઈ પટેલે સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જયારે રીયા ગોસ્વામીએ પાંચમું સ્થાન મેળવ્યું છે. લીંબોદરા શાળાની આ વિદ્યાર્થીનીઓ આગામી રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જુનાગઢ ખાતે જશે. લીંબોદરાની શાળાની વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય તેજસિંહ પરમાર અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે આ વિદ્યાર્થીનીઓને તાલીમ આપી હતી.

ચિરવિદાય

- સ્વ. કેશવલાલ રામાભાઈ પ્રજાપતિ, ઉ.વ.૬૫
- સ્વ. જનકબેન ખોડીદાસ ગઢવી, ઉ.વ.૬૭
- સ્વ. મંજુબેન બાબુભાઈ ગજ્જર, ઉ.વ.૬૫
- સ્વ. મંજુલાબેન મુલચંદભાઈ યાજ્ઞિક, ઉ.વ.૬૬
- સ્વ. શિરીશકુમાર હસમુખભાઈ સોની, ઉ.વ.૫૧
- સ્વ. કાન્તિલાલ સોમનાથ ભટ્ટ, ઉ.વ.૮૬

@ગાંધીનગર

● આજે સિવિલ ડીફેન્સની સાંજે ૫ કલાકે બેઠક જીવરાજ મહેતા ભવન ખાતે યોજાશે. આ બેઠકમાં તમામ વોર્ડના તેમજ પદાધિકારીઓને હાજર રહેવા ચીફ વોર્ડન અરૂણ બુચે અનુરોધ કર્યો છે.

● દહેગામ તાલુકાના રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે હોમિયોપેથિક સારવાર કેમ્પ યોજાશે.

● ટાઉનહોલ ખાતે સવારે ૮.૦૦ કલાકે ચાંદખેડા પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાશે.

- નજાદખાનમ સૈયદ

ગાયત્રી મંદિર ખાતે યોગ ધ્યાન શિબિર યોજાશે

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિત પીઠના સંયુકત ઉપકમે તા. ૧ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ખાતે સવારે ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ નિયંત્રણ, સાચું શ્વસન સહિતની વિવિધ બિમારીઓમાં ઉપચાર માટે તથા રોકવા માટેના આસનો, પ્રાણાયામ, શારિરીક-માનસિક આરોગ્ય સહિતનું પ્રશિક્ષણ પણ આપવામાં આવશે. આ યોગ ધ્યાન શિબિરનો લાભ શહેરીજનોને લેવા ગાયત્રી મંદિર અને દિવ્ય જીવન સંઘ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ચૌધરી મહિલા કોલેજ સે-૭માં ગાંધીજીવન દર્શન વિશે વાર્તાલાપ યોજાશે

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરના ઉપકમે તારીખ ૨૯-૧-૨૦૧૬ને શુક્રવારે સવારે ૯.૦૦ કલાકે શ્રી ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ ગાંધીનગર ખાતે સંસ્થાના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણી ગાંધીજીવન દર્શન વિશે વાર્તાલાપ આપશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીનીઓને ગાંધીજીની આત્મકથા ભેટ આપવામાં આવશે. રસ ધરાવતા સૌ ગાંધી મિત્રોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સમર્પણ ધ્યાન શિબિર રવિવારે યોજાશે

સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામી દ્વારા પ્રેરિત સમર્પણ ધ્યાન, નિઃશુલ્ક નું આયોજન આવતા રવિવારને તા. ૩૧-૧-૨૦૧૬ના રોજ પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે સવારે ૬.૪૫ થી ૮.૦૦ કલાક દરમિયાન કરવામાં આવેલ છે. રસ ધરાવનાર ભાઈ બહેનોને આ કાર્યક્રમમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વાતવાતમાં

● શહેરના મુખ્ય માર્ગ ચ રોડ પર બપોરના સુમારે એક વરરાજાને લઈને જતી કાર અન્ય ફેમિલીવાન કાર સાથે ભટકાઈ હતી. આ અકસ્માતના કારણે બંને પક્ષે ભારે તુ તુ મૈં મૈં ચાલતા ટ્રાફિક જામ થયો હતો પણ છેવટે વરરાજાના કાફલાએ મુર્હુત સાચવવાનું મુનાસિબ માની ચાલતી પકડતા વાહનચાલકોએ રાહત અનુભવી હતી.

● ખેલ મહાકુંભની જાહેરાતોમાં ટોલ ફ્રી નંબર આપવામાં આવ્યો છે જેના દ્વારા ખેલાડીઓને તેમની સ્પર્ધાના સમય-સ્થળ અંગેની માહિતી મેળવી શકે. જો કે આ ટોલ ફ્રી પર ફોન કરતા મોટે ભાગે 'નો રિપ્લાય' થાય છે અથવા 'બીઝી' આવે છે તેથી ખેલાડીઓ મુંઝવણ અનુભવી રહ્યાં છે.

● નાયબ ગૃપ સચિવ પ્રકાશ પટ્ટણીને અમદાવાદની મેટ્રો અદાલતે સમન્સ પાઠવ્યો છે. આ સમન્સ કોઈ જુની મારામારી, હુમલો અને મારી નાંખવાની ધમકી આપવાના આરોપ અંગે પાઠવવામાં આવ્યો છે.

● કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ ૨૦ સ્માર્ટ સીટીનું લીસ્ટ જાહેર કરાયો હોવાનો મેસેજ સોશિયલ મિડીયા પર વાઈરલ થયો છે. આ લીસ્ટમાં ગાંધીનગરનું નામ ના હોવાથી સ્માર્ટ સીટી બાબતે ફુલીને ફાલકો થઈ રહેલ મહાનગરપાલિકાના સત્તાધીશની હાંસી પણ ઉડાવાઈ રહી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

જે.એમ. ચૌધરી શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૮

મહારાષ્ટ્રના પૂણે ખાતે તાજેતરમાં ટેનિકોટર ફેડરેશન ઓફ ઈન્ડિયા ચેમ્પીયનશીપ ૨૦૧૫ નેશનલ સ્પર્ધા યોજાઈ હતી. આ નેશનલ કક્ષાની રમત માટે ગુજરાત રાજયની ટીમમાં જે.એમ. ચૌધરી

શાળાના ધોરણ-૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી રાઠોડ દિલીપસિંહ જેસંગભાઈ પસંદગી પામ્યો હતો અને આ સ્પર્ધામાં સારો દેખાવ કર્યો હતો. આ વિદ્યાર્થીને શાળા પરિવાર અને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે. શાળાના પી.ટી. શિક્ષક ઉષાબેન દરજીએ વિદ્યાર્થીને માર્ગદર્શન પુરું પાડયું હતું.